Volume-03
Issue-03
March-2018

ISSN: 2455-3085 (Online)
RESEARCH REVIEW International Journal of Multidisciplinary
www.rrjournals.com [UGC Listed Journal]

# અમદાવાદ જીલ્લાના મધ્યમ કદના ઉદ્યોગોનું મૂડી રોકાણને આધારે વિશ્લેષણ

*[1]પ્રા. ઝાહીદહુસેન શેખ , [2]ડૉ. એન. આર. શાહ

*[1]Research Scholar Asst. Prof. Smt. M.P. Patel College of Commerce, Kadi, Gujarat (India)
[2]Research Guide, Department of Economics, Saurashtra University, Rajkot, Gujarat (India)

**ARTICLE DETAILS**

**Article History**
*Published Online:* 30 March 2018

**Keywords**
આર્થિક વિકાસ, રોકાણ, મૂડીરોકાણ, મધ્યમ કદના ઉદ્યોગો, હિસ્સેદારી

**ABSTRACT [સારાંશ]**

*અભ્યાસમાં પ્રત્યેક ૧૧ તાલુકા માટે તેના સૂક્ષ્મ અને મધ્યમ કદના એકમો દ્વારા કરવામાં આવેલ મૂડી રોકાણનો અભ્યાસ હાથ ધરવામાં આવ્યો છે. જે અમદાવાદ જિલ્લા માટે આર્થિક વિકાસમાં નાનાપાયાના એકમોનું યોગદાન માપવામાં મદદરૂપ બનશે. વિવિધ અભ્યાસ સૂક્ષ્મ કદના એકમો માટે લેવાયેલ છે. જેના મુખ્ય ત્રણ માપદંડ કુલ સ્થાપિત એકમોની સંખ્યા, એકમોમાં થયેલું રોકાણ તથા એકમો દ્વારા પૂરી પાડવામાં આવેલી રોજગારી બાબતે અભ્યાસ કરવામાં આવ્યા છે. મધ્યમ કદના એકમોનો તાલુકા કક્ષાએ તથા જિલ્લા કક્ષાએ વિકાસમાં કેટલો ફાળો છે તેનો અભ્યાસ વર્ષ ૨૦૦૭ થી ૨૦૧૬ દરમિયાન ઉપરોક્ત ત્રણ માપદંડ માંથી મૂડી રોકાણને આધારે વિશ્લેષણ મેળવી તારણો મેળવવામાં આવ્યા છે. તે માટે પ્રત્યેક ૧૧ તાલુકા માટે વિગતો મેળવો તેમનું ટકાવારી વિશ્લેષણ, વર્ણનાત્મક વિશ્લેષણ અને વિચરણના પૃથ્થકરણને આધારે તારણો મેળવવામાં આવ્યા છે.*

## ૧. મધ્યમ કદના એકમોમાં મૂડીરોકાણનો અભ્યાસ

અમદાવાદ જિલ્લાના તાલુકાનાં મધ્યમકદના એકમો દ્વારા વર્ષ ૨૦૦૭ થી ૨૦૧૬ના વર્ષ દરમિયાન કરવામાં આવેલા રોકાણની માહિતી મેળવી તેનું વિશ્લેષણ પરિશિષ્ટ ૧ ( A અને B)માં રજૂ કરવામાં આવ્યું છે.

## ૨. અમદાવાદ શહેરના મધ્યમ કદના ઉદ્યોગોમાં મૂડીરોકાણનો અભ્યાસ

પરિશિષ્ટ ૧ ( A અને B)માં દર્શાવ્યા મુજબ અમદાવાદ શહેરી વિસ્તારમાં વર્ષ ૨૦૦૭ દરમિયાન કુલ ૨૩૩૯૬ હજારનું રોકાણ નોંધવામાં આવ્યું હતું. જે છેલ્લા દસ વર્ષના કુલ રોકાણના ૧૧.૬૭% જેટલો ફાળો દર્શાવે છે. ત્યારબાદ વર્ષ ૨૦૦૮ દરમિયાન રોકાણનો આંક ૧૧૫૮૩ હજારનો નોંધવામાં આવ્યો જે પાછલા વર્ષની સરખામણીમાં ૫.૮૯% જેટલો ઘટવા પામ્યો હતો. વર્ષ ૨૦૦૯ દરમિયાનકુલ ૮૭૫૯ હજારનું રોકાણ મધ્યમ કદના એકમો દ્વારા કરવામાં આવ્યું હતું. જે કુલ રોકાણના ૪.૩૭% જેટલો હિસ્સો ધરાવે છે. આમ, છેલ્લા બે વર્ષની સરખામણીમાં એકમો દ્વારા કરવામાં આવેલું રોકાણ વર્ષ ૨૦૦૯ માટે ઘટવા પામ્યું હતું. વર્ષ ૨૦૧૦ દરમિયાન કુલ રોકાણ ૨૩૩૯૬ હજાર થયું હતું જે પાછલા વર્ષની સરખામણીમાં ૭.૩% જેટલો વધારો દર્શાવે છે. આમ, વર્ષ ૨૦૦૭માં થયેલ કુલ રોકાણ જેટલો હિસ્સો વર્ષ ૨૦૧૦ દરમિયાન મધ્યમ કદના એકમો દ્વારા ઊભો કરવામાં આવ્યો હતો. વર્ષ ૨૦૧૧ દરમિયાન કુલ રોકાણ ૧૩.૬૧% જેટલું નોંધાયું હતું જે વર્ષ ૨૦૧૦ની સરખામણીમાં ૧.૯૪% જેટલો વધારો સૂચવે છે. આમ,

**પરિશિષ્ટ: ૧ (A) મધ્યમ કદના એકમોમાં તાલુકા વાર મૂડીરોકાણ(વર્ષ ૨૦૦૭ થી ૨૦૧૬)**

| તાલુકો | ૨૦૦૭ | % | ૨૦૦૮ | % | ૨૦૦૯ | % | ૨૦૧૦ | % | ૨૦૧૧ | % |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અમદાવાદ શહેર | ૨૩૩૯૬ | ૧૧.૬૭ | ૧૧૫૮૩ | ૫.૭૮ | ૮૭૫૯ | ૪.૩૭ | ૨૩૩૯૬ | ૧૧.૬૭ | ૨૭૨૯૨ | ૧૩.૬૧ |
| બાવળા | 0 | 0.00 | ૮૭૯ | ૧૦૦ | 0 | 0.00 | 0 | 0.00 | 0 | 0.00 |
| દસ્ક્રોઈ | ૬૭૬ | ૧૩.૨૭ | ૧૬૦૧ | ૩૧.૪૨ | ૨૧૪૩ | ૪૨.૦૫ | ૬૭૬ | ૧૩.૨૭ | 0 | 0.00 |
| ધોળકા | ૧૦૮૦ | ૫૦ | 0 | 0.00 | 0 | 0.00 | ૧૦૮૦ | ૫૦ | 0 | 0.00 |
| સાણંદ | ૧૭૫૭ | ૭.૦૧ | ૬૧૯૧ | ૨૪.૦૭ | ૨૪૩૮ | ૯.૭૩ | ૧૭૫૭ | ૭.૦૧ | 0 | 0.00 |
| રાણપુર | 0 | 0.00 | 0 | 0.00 | ૮૬૮ | ૧૦૦ | 0 | 0.00 | 0 | 0.00 |
| વિરમગામ | 0 | 0.00 | 0 | 0.00 | 0 | 0.00 | 0 | 0.00 | 0 | 0.00 |

© RRIJM 2015, All Rights Reserved

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| દેત્રોજ-રામપુરા | 0 | 0.00 | 0 | 0.00 | 0 | 0.00 | 0 | 0.00 | 0 | 0.00 |
| ધંધુકા | ૮૭૨ | ૫૦ | 0 | 0.00 | 0 | 0.00 | ૮૭૨ | ૫૦ | 0 | 0.00 |
| માંડલ | 0 | 0.00 | 0 | 0.00 | 0 | 0.00 | 0 | 0.00 | 0 | 0.00 |
| બરવાળા | 0 | 0.00 | 0 | 0.00 | 0 | 0.00 | 0 | 0.00 | 0 | 0.00 |

**પરિશિષ્ટ: ૧ (B) મધ્યમ કદના એકમોમાં તાલુકા વાર મૂડીરોકાણ(વર્ષ ૨૦૦૭ થી ૨૦૧૬)**

| | ૨૦૧૨ | % | ૨૦૧૩ | % | ૨૦૧૪ | % | ૨૦૧૫ | % | ૨૦૧૬ | % | Total |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અમદાવાદ શહેર | ૨૨૬૯૪ | ૧૧.૩૨ | ૧૯૬૨૯ | ૯.૭૯ | ૨૦૪૧૪ | ૧૦.૧૮ | ૨૧૨૩૧ | ૧૦.૫૯ | ૨૨૦૮૦ | ૧૧.૦૧ | ૨૦૦૪૭૩ |
| બાવળા | 0 | 0.00 | 0 | 0.00 | 0 | 0.00 | 0 | 0.00 | 0 | 0.00 | ૮૭૯ |
| દસ્ક્રોઈ | 0 | 0.00 | 0 | 0.00 | 0 | 0.00 | 0 | 0.00 | 0 | 0.00 | ૫૦૯૬ |
| ધોળકા | 0 | 0.00 | 0 | 0.00 | 0 | 0.00 | 0 | 0.00 | 0 | 0.00 | ૨૧૬૦ |
| સાણંદ | ૩૩૬૬ | ૧૩.૪૩ | ૨૨૫૦ | ૮.૯૮ | ૨૩૪૦ | ૯.૩૪ | ૨૪૩૪ | ૯.૭૧ | ૨૫૩૧ | ૧૦.૧૦ | ૨૫૦૬૬ |
| રાણપુર | 0 | 0.00 | 0 | 0.00 | 0 | 0.00 | 0 | 0.00 | 0 | 0.00 | ૮૬૮ |
| વિરમગામ | 0 | 0.00 | 0 | 0.00 | 0 | 0.00 | 0 | 0.00 | 0 | 0.00 | 0 |
| દેત્રોજ-રામપુરા | 0 | 0.00 | 0 | 0.00 | 0 | 0.00 | 0 | 0.00 | 0 | 0.00 | 0 |
| ધંધુકા | 0 | 0.00 | 0 | 0.00 | 0 | 0.00 | 0 | 0.00 | 0 | 0.00 | ૧૭૪૫ |
| માંડલ | 0 | 0.00 | 0 | 0.00 | 0 | 0.00 | 0 | 0.00 | 0 | 0.00 | 0 |
| બરવાળા | 0 | 0.00 | 0 | 0.00 | 0 | 0.00 | 0 | 0.00 | 0 | 0.00 | 0 |
| સ્ત્રોત: Industry Commissionerate Govt. of Gujarat | | | | | | | | | | | |

આ વર્ષ દરમિયાન મધ્યમ કદના ઉદ્યોગો પ્રગતિશીલ નોંધાયા હતા. વર્ષ ૨૦૧૨ દરમિયાન ૧૧.૩૨% જેટલો ફાળો મધ્યમ એકમો દ્વારા રોકાણ માટે નોંધવામાં આવ્યો હતો. આ વર્ષનું કુલ રોકાણ ૨૨૬૯૪ હજાર હતું. પાછલા વર્ષની સરખામણીમાં આ વર્ષે ૨.૨૯%જેટલો ઘટાડો નોંધવામાં આવ્યો હતો. વર્ષ ૨૦૧૩ દરમિયાન રૂ. ૧૯૬૨૯ હજારનું રોકાણ મધ્યમ કદના એકમો દ્વારા કરવામાં આવ્યું હતું. પાછલા વર્ષની સરખામણીમાં કુલ ૧.૫૩%નો ઘટાડો સૂચવે છે. આમ , વર્ષ ૨૦૧૧ પછીના બે વર્ષોમાં મધ્યમ કદના એકમો રોકાણની બાબતે ઓછા સક્રિય રહ્યા હતા. વર્ષ ૨૦૧૪દરમિયાન કુલ રૂ.૨૦૪૧૪ હજારનું રોકાણ કરવામાં આવ્યું હતું. જે ૧૦.૧૮% જેટલી હિસ્સેદારી નોધાવતું હતું. વર્ષ ૨૦૧૩ની સરખામણીમાં આ વર્ષે ૦.૩૯૫જેટલો વધારો થવા પામ્યો હતો. વર્ષ ૨૦૧૫ માટે મધ્યમ કદના એકમો દ્વારા રૂ. ૨૧૨૩૧ હજારનું રોકાણ કરવામાં આવ્યું હતું જે ૧૦.૫૯% હેસ્સેદારી છેલ્લા દસ વર્ષોમાં દર્શાવે છે વર્ષ ૨૦૧૨ પછી મધ્યમ કદના એકમો દ્વારા રોકાણમાં વધારો નોંધવામાં આવ્યો છે.ગત વર્ષની સરખામણીમાં આ વર્ષે ૦.૪૧% વધારો નોંધવામાં આવ્યો હતો. અભ્યાસના છેલ્લા વર્ષ દરમિયાન કુલ રૂ. ૨૨૦૮૦ હજારનું રોકાણ કરવામાં આવ્યું હતું. જે ૧૧.૦૧% જેટલી હિસ્સેદારી નોધાવે છે આમ , આ વર્ષે રૂ. ૮૪૯ હજારનું વધુ રોકાણ નોધવામાં આવ્યું હતું. જે ગત વર્ષની સરખામણીમાં ૦.૪૨% નો વધારો દર્શાવે છે.

અમદાવાદ શહેરી વિસ્તારના મધ્યમ કદના એકમો દ્વારા કરવામાં આવેલા રોકાણના અભ્યાસને આધારે કહી શકાય કે વર્ષ ૨૦૦૮.૨૦૦૯,૨૦૧૨ તથા ૨૦૧૩દરમિયાન એકમો દ્વારા કરવામાં આવેલ રોકાણ તેમના અગાઉના રોકાણ કરતાં ઓછું હતું. આ વર્ષો દરમિયાન એકમોનો આર્થિક વિકાસ ઓછો રહ્યો હશે.

***૨.૧ બાવળા તાલુકાના મધ્યમ કદના ઉદ્યોગોમાં મૂડીરોકાણનો અભ્યાસ***

બાવળા તાલુકામાં વર્ષ ૨૦૦૮ દરમિયાન રૂ. ૮૭૯ હજારનું રોકાણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ વર્ષ ૨૦૧૬ સુધી કોઈજ માહિતી પ્રાપ્ત નથી. આમ , માત્ર એકજ વર્ષ દરમિયાનનું રોકાણ એકમના વિકાસ કે તેની આર્થિક બાબતોના અભ્યાસ માટે પૂરતો માપદંડ ગણાવી શકાય નહીં.

***૨.૨ દસ્ક્રોઈ તાલુકાના મધ્યમ કદના ઉદ્યોગોમાં મૂડીરોકાણનો અભ્યાસ***

© RRIJM 2015, All Rights Reserved 

દસ્ક્રોઈ તાલુકામાં વર્ષ ૨૦૦૭ દરમિયાન રૂ. ૬૭૬ હજારનું રોકાણ નોંધવામાં આવ્યું હતું. જે કુલ રોકાણના ૧૩.૨૭% હતું. વર્ષ ૨૦૦૮ દરમિયાન મધ્યમ કદના એકમો દ્વારા રૂ.૧૬૦૧ હજારનું રોકાણ કરવામાં આવ્યું હતું. જે પાછલા વર્ષની સરખામણીમાં ૧૮.૧૫% વધારો સૂચવે છે. ત્યારબાદ વર્ષ ૨૦૦૯માં એકમો દ્વારા કુલ રૂ. ૨૧૪૩ હજારનું રોકાણ કરવામાં આવ્યું હતું. જે ૪૨.૦૫% હિસ્સેદારી નોંધાવે છે પાછલા વર્ષની સરખામણીમાં આ વર્ષે ૧૦.૬૩% જેટલો વધારો થવા પામ્યો હતો. વર્ષ ૨૦૦૭ થી ૨૦૦૯ દરમિયાન દસ્ક્રોઈ તાલુકાનાં મધ્યમ કદના એકમો રોકાણની બાબતમાં અગ્રેસર રહ્યા હતા. ત્યારબાદ વર્ષ ૨૦૧૦માં એકમો દ્વારા કુલ ૬૭૬હજારનું રોકાણ કરવામાં આવ્યું હતું જે કુલ રોકાણના ૧૩.૨૭% ફાળો નોંધાવતું હતું. પાછલા વર્ષની સરખામણીમાં આ વર્ષે ૨૮.૭૮% જેટલું ઓછું રોકાણ થવા પામ્યું હતું. વર્ષ ૨૦૧૧ થી ૨૦૧૬ દરમિયાન એકમો દ્વારા રોકાણની માહિતી પ્રાપ્ત નથી. જે પરથી કહી શકાય કે રોકાણો દ્વારા રોકાણ સ્થિર કરવામાં આવ્યું હશે. આમ, દસ્ક્રોઈ તાલુકાનાં મધ્યમ કદના એકમો દ્વારા વર્ષ ૨૦૦૭ થી ૨૦૧૦ દરમિયાન પ્રગતિકારક હિસ્સો નોંધવામાં આવ્યો હતો. ત્યારબાદ એકમોનો વિકાસ સ્થગિત થવા પામ્યો છે.

### *૨.૩ ધોળકા તાલુકાના મધ્યમ કદના ઉદ્યોગોમાં મૂડીરોકાણનો અભ્યાસ*

ધોળકા તાલુકામાં વર્ષ ૨૦૦૭ દરમિયાન રૂ. ૧૦૮૦હજારનું રોકાણ નોંધાવવામાં આવ્યું હતું. ત્યારબાદ તેજ રોકાણનો આંક વર્ષ ૨૦૧૦ માટે નોંધવામાં આવ્યો હતો અન્ય વર્ષો માટે રોકાણનો વધારો કે ઘટાડો નોંધવામાં આવ્યો નથી. આમ , તાલુકા કક્ષાએ મધ્યમ કદના એકમોનો વિકાસ સ્થિર રહ્યો છે તેમ કહી શકાય જે જિલ્લા કક્ષાએ આર્થિક વિકાસની પ્રગતિ સાધી શક્યો નથી તેમ દર્શાવે છે.

### *૨.૪ સાણંદ તાલુકાના મધ્યમ કદના ઉદ્યોગોમાં મૂડીરોકાણનો અભ્યાસ*

સાણંદ તાલુકામાં વર્ષ ૨૦૦૭ દરમિયાન રૂ. ૧૭૫૭ હજારનું રોકાણ મધ્યમ કદના એકમો દ્વારા કરવામાં આવ્યું હતું , જે કુલ હિસ્સેદારીમાં ૭.૦૧% ફાળો નોંધાવતું હતું. ત્યારબાદ વર્ષ ૨૦૦૮દરમિયાન રૂ.૬૧૯૧ હજારનું રોકાણ નોંધવામાં આવ્યું હતું. પાછલા વર્ષની સરખામણીમાં આ રોકાણ ૧૭.૬૯% જેટલો વધવા પામ્યો હતો. વર્ષ ૨૦૦૯ દરમિયાન કુલ રૂ. ૨૪૩૮ હજારનું રોકાણ મધ્યમ કદના એકમો દ્વારા કરવામાં આવ્યું હતું. આ વર્ષે પાછલા વર્ષની સરખામણીમાં રૂ. ૩૭૫૩ હજારનું ઓછું રોકાણ થયું હતું જે ૧૪.૯૭% ઘટાડો નોંધાવે છે. વર્ષ ૨૦૧૦ માટે કુલ રોકાણનો આંક રૂ. ૧૭૫૭ હજાર હતો. આમ, વર્ષ ૨૦૦૮ પછીના બે વર્ષ માટે મધ્યમ કદના એકમો દ્વારા રોકાણમાં ઘટાડો થવા પામ્યો હતો. વર્ષ ૨૦૧૧ માટે મધ્યમ કદના એકમોમાં કોઈ રોકાણનો આંક નોંધવામાં આવ્યો ન હતો. હિસાબી વર્ષ ૨૦૧૨ દરમિયાન કુલ રૂ. ૩૩૬૬ હજારનું મૂડી રોકાણ મધ્યમ કદના એકમો દ્વારા કરવામાં આવ્યું હતું જે કુલ રોકાણના ૧૩.૪૩% જેટલું હતું. વર્ષ ૨૦૧૩ દરમિયાન રૂ. ૨૨૫૦ હજારનું રોકાણ મધ્યમ કદના એકમો દ્વારા નોંધવામાં આવ્યું હતું જે વર્ષ ૨૦૧૨ની સરખામણીમાં રૂ.૧૧૧૬ હજાર જેટલું ઓછું થયું હતું. આમ, ગત વર્ષની સરખામણીમાં આ વર્ષે ૪.૪૫% જેટલો ઘટાડો નોંધાયો હતો. વર્ષ ૨૦૧૪ દરમિયાન એકમો દ્વારા રૂ. ૨૩૪૦ હજારનું રોકાણ થયેલું હતું. જે ૯.૩૪%ની હિસ્સેદારી નોધાવતું હતું. આ વર્ષે પાછલા વર્ષની સરખામણીમાં ૦.૩૬% રોકાણ વધવા પામ્યું હતું. વર્ષ ૨૦૧૫ દરમિયાન રૂ. ૨૪૩૪ હજારનું રોકાણ થયું હતું. જે પણ મધ્યમ એકમોમાં પ્રગતિ દર્શાવે છે. ગત વર્ષ કરતાં આ વર્ષે રૂ. ૯૪ હજારનું વધુ રોકાણ મધ્યમ કદના એકમો દ્વારા કરવામાં આવ્યું હતું. આ વર્ષ માટે ૦.૩૭% જેટલો હિસ્સો વધવા પામ્યો હતો. વર્ષ ૨૦૧૬ દરમિયાન રૂ. ૨૫૩૧ હજારનું કુલ રોકાણ નોંધવામાં આવ્યું હતું જે પાછલા વર્ષની સરખામણીમાં ૦.૩૯%નો વધારો સૂચવે છે. આમ, સાણંદ તાલુકાનાં મધ્યમ કદના એકમોના રોકાણના વિશ્લેષણ પરથી કહી શકાય કે મધ્યમ કદના એકમો માટે વર્ષ ૨૦૦૯,૨૦૧૦,૨૦૧૧ નબળા રહ્યા હતા. ત્યારબાદ વર્ષ ૨૦૧૩માં એકમોનું રોકાણ ઘટવા પામ્યું હતું. અન્ય વર્ષો માટે એકમો દ્વારા થયેલ કુલ રોકાણના આંકમાં પાછલા વર્ષોની સરખામણીમાં પ્રમાણસર વધારો નોંધવામાં આવ્યો હતો.

### *૨.૫ રાણપુર તાલુકાના મધ્યમ કદના ઉદ્યોગોમાં મૂડીરોકાણનો અભ્યાસ*

રાણપુર તાલુકામાં વર્ષ ૨૦૦૯ માટે રૂ. ૮૬૮ હજારનું રોકાણ નોંધવામાં આવ્યું હતું. ત્યારબાદ વર્ષ ૨૦૧૬ સુધી કોઈ ફેરફાર નોંધવામાં આવ્યો નથી. આમ તાલુકા કક્ષાએ મધ્યમ કદના એકમો દ્વારા કોઈ નોંધપાત્ર પ્રગતિ થઈ નથી. અને તેમની આર્થિક બાબતોમાં વિકાસ નોંધાયો નથી.

### *૨.૬ ધંધુકા તાલુકાના મધ્યમ કદના ઉદ્યોગોમાં મૂડીરોકાણનો અભ્યાસ*

ધંધુકા તાલુકામાં વર્ષ ૨૦૦૯ તથા ૨૦૧૦ દરમિયાન કુલ રૂ. ૮૭૨ હજારનું રોકાણ નોંધવામાં આવ્યું હતું. ત્યારબાદના અભ્યાસ હેઠળના વર્ષો માટે કોઈજ માહિતી ઉપલબ્ધ થતી નથી. જે તાલુકાનાં સ્થગિત વિકાસની ઝાંખી આપે છે. આમ , જિલ્લા કક્ષાએ પણ ધંધુકા તાલુકાનું યોગદાન મહત્વપૂર્ણ રહ્યું નથી. વિરમગામ , દેત્રોજ-રામપુરા , માંડલ તથા બરવાળા તાલુકામાં વર્ષ ૨૦૦૭ થી ૨૦૧૬ દરમિયાન મધ્યમ કદના એકમો સ્થાપિત થવા પામ્યા નથી. જેમના માટે કોઈજ માહિતી ચોપડે લેવાઈ નથી. તેથી આ તાલુકા મધ્યમ કદના એકમોના રોકાણ માટે પણ માહિતી પૂરી પડતાં નથી.

### ૩. મધ્યમ કદના એકમોમાં રોકાણનો વર્ણનાત્મક અભ્યાસ

અમદાવાદ જિલ્લાના તાલુકા માટે તેમના મધ્યમ કદના એકમો દ્વારા કરવામાં આવેલા રોકાણ ઓછું થયું છે પરિણામે જિલ્લા કક્ષાએ તેમનો વિકાસ આર્થિક બાબતોમાં મર્યાદિત રહ્યો છે. તેનો અભ્યાસ

© RRIJM 2015, All Rights Reserved

તાલુકા પ્રમાણે તથા દસ વર્ષમાં મધ્યમ કદના એકમો દ્વારા કરવામાં આવેલા રોકાણની માહિતીને આધારે અનુમાનિત ગણતરીની જરૂરિયાત દર્શાવે છે. છેલ્લા દસ વર્ષમાં અભ્યાસ હેઠળના ૧૧ તાલુકામાં કયો તાલુકો અગ્રેસર રહ્યો છે તથા તેનો એકમોમાં સરેરાશ કેટલો ફેરફાર થયો છે. ઉપરાંત આ એકમો સ્થિર રહ્યા છે કે પ્રગતિકારક રહ્યા છે તેનો અભ્યાસ કરવા પ્રત્યેક તાલુકા માટે તેમનો મધ્યસ્થ , પ્રમાણિત વિચલન તથા વિચલનાંક મેળવી તારણો મેળવવામાં આવ્યા છે .

પરિશિષ્ટ ૫.૫માં દર્શાવ્યા મુજબ અમદાવાદ શહેરી વિસ્તાર તથા સાણંદ તાલુકાનાં મધ્યસ્થ આંક ની કિંમત વધુ નોંધાયેલ છે જેમાં અમદાવાદ શહેરી વિસ્તારના મધ્યમ કદના એકમો સૌથી વધુ રોકાણ ધરાવે છે. ત્યારબાદ સાણંદ તાલુકામાં એકમો દ્વારા વધુ રોકાણ થવા પામ્યું છે. અન્ય તાલુકા માટે રોકાણ તથા તેમના વિકાસ વિસ્તાર બાબતે કોઈ પ્રગતિ જણાઈ નથી. આ વિશ્લેષણ પરથી જાણી શકાય છે કે અમદાવાદ જીલ્લામાં માત્ર બેજ તાલુકાનાં મધ્યમ કદના એકમો પ્રગતિશીલ રહ્યા છે. જે અમદાવાદ શહેરી વિસ્તાર તથા સાણંદ તાલુકો છે અન્ય ૯ તાલુકા જિલ્લા કક્ષાએ નિષ્ફળ રહ્યા છે.

**પરિશિષ્ટ: ૨ તાલુકા પ્રમાણે મૂડીરોકાણનો વર્ણનાત્મક અભ્યાસ**

| તાલુકો | પ્ર. દોષ | મધ્યસ્થ | પ્ર. વિચલન | ચલનાંક |
|---|---|---|---|---|
| અમદાવાદ શહેર | ૦.૮૯ | ૧૦.૮૦ | ૨.૮૨ | ૭.૯૩ |
| બાવળા | ૧૦ | 0.00 | ૩૧.૬૨ | ૧૦૦૦ |
| દસ્ક્રોઈ | ૪.૮૪ | 0.00 | ૧૫.૩૦ | ૨૩૪.૧૫ |
| ધોળકા | ૬.૬૭ | 0.00 | ૨૧.૦૮ | ૪૪૪.૪૪ |
| સાણંદ | ૧.૯૬ | ૯.૫૨ | ૬.૨૧ | ૩૮.૫૯ |
| રાણપુર | ૧૦ | 0.00 | ૩૧.૬૨ | ૧૦૦૦ |
| વિરમગામ | 0.00 | 0.00 | 0.00 | 0.00 |
| દેત્રોજ-રામપુરા | 0.00 | 0.00 | 0.00 | 0.00 |
| ધંધુકા | ૬.૬૭ | 0.00 | ૨૧.૦૮ | ૪૪૪.૪૪ |
| માંડલ | 0.00 | 0.00 | 0.00 | 0.00 |
| બરવાળા | 0.00 | 0.00 | 0.00 | 0.00 |

અમદાવાદ જિલ્લાના તાલુકામાં વર્ષ પ્રમાણે થયેલા રોકાણમાં કેટલો તફાવત છે તે જાણવા માટે તાલુકા પ્રમાણે તથા વર્ષ પ્રમાણે તેમના દ્વારા કરવામાં આવેલા રોકાણનું વિચરણનું પૃથ્થકકરણ કરવું અનિવાર્ય બને છે. જે માટે અભ્યાસમાં તાલુકાના મધ્યમ કદના એકમોની જિલ્લા કક્ષાએ અસરો તથા છેલ્લા દસ વર્ષમાં તેમનું યોગદાન થયું છે કે કેમ તે માટે બે નિરાકરણીય પરિકલ્પનાઓ તારવવામાં આવી છે તથા વિચરણના પૃથ્થક્કરણ મેળવી F વિતરણની ગણતરી તારવવામાં આવી છે. આ મુજબ F વિતરણની કિંમત ૫%ની સાર્થકતાની કક્ષાએ જો પરિકલ્પનાનો સ્વીકાર કરે અથવા અસ્વીકાર કરે તે માપદંડને આધારે તારણો મેળવવામાં આવ્યા છે.

$H_{0૯}$: તાલુકા કક્ષાના મધ્યમ કદના એકમો દ્વારા કરવામાં આવતા રોકાણની અમદાવાદ જિલ્લાના આર્થિક વિકાસ પર કોઈ અસર થતી નથી.

$H_{૧૦}$: છેલ્લા દસ વર્ષો દરમિયાન તાલુકા કક્ષાના એકમો દ્વારા કરવામાં આવતા રોકાણથી જિલ્લા કક્ષાએ કોઈજ પ્રગતિ થવા પામી નથી.

**પરિશિષ્ટ: ૩ વિચરણનુંપૃથ્થકરણ**

| સ્ત્રોત | SS | df | MS | F | P-કિંમત | F crit |
|---|---|---|---|---|---|---|
| તાલુકા | ૨૫૪૫.૪૫ | ૧૦ | ૨૫૪.૫૪ | ૦.૯૧૬૪ | ૦.૫૨૧૯ | ૧.૯૩૭૫ |
| વર્ષ | ૩૫૨૭.૩૨ | ૯ | ૩૯૧.૯૨ | ૧.૪૧ | ૦.૧૯૫૨ | ૧.૯૮ |
| ત્રુટિ | ૨૪૯૯૮.૭૫ | ૯૦ | ૨૭૭.૭૬ | | | |
| કુલ | ૩૧.૭૦.૫૩ | ૧૦૯ | | | | |

ઉપરોક્ત પરિકલ્પના માટેની ગણતરી પરિશિષ્ટ ૩માં દર્શાવવામાં આવી છે. પરિશિષ્ટ ૩માં પ્રથમ ગણતરી તાલુકા કક્ષાની જીલ્લામાં આર્થિક પ્રગતિ બાબતેની પરિકલ્પના માટે F વિતરણની કિંમત ૫%ની સાર્થકતાની કક્ષાએ મેળવાયેલ કિંમત ૧.૯૩૭૬ કરતાં ઓછી મળે છે જે પરિકલ્પનાનો સ્વીકાર કરે છે તેથી કહી શકાય કે તાલુકા કક્ષાના મધ્યમ કદના એકમો દ્વારા કરવામાં આવતા

© RRIJM 2015, All Rights Reserved

રોકાણની અમદાવાદ જિલ્લાના આર્થિક વિકાસ પર કોઈ અસર થવા પામી નથી.

બીજી પરિકલ્પનાના છેલ્લા દસ વર્ષ દરમિયાન મધ્યમ કદના એકમો દ્વારા થયેલા રોકાણની જિલ્લા કક્ષાએ અસરોનો ચિતાર રજૂ કરે છે. જેની ગણતરી પરિશિષ્ટ ૫.૬માં રજૂ કરવામાં આવી છે. છેલ્લા દસ વર્ષમાં મધ્યમ કદના એકમો દ્વારા થયેલ રોકાણના આંકને આધારે તેના F વિતરણની કિંમત ૧.૪૧૧ પ્રાપ્ત થાય છે. જ્યારે ૫% સાર્થકતાની કક્ષા માટે કિંમત ૧.૯૮૫૬ નોંધવામાં આવી છે. આમ,F વિતરણની કિંમત તેની સાર્થકતાની કક્ષાની કિંમત કરતાં નાની મળે છે. જે પરિકલ્પનાનો સ્વીકાર કરે છે જે દર્શાવે છે કે છેલ્લા દસ વર્ષો દરમિયાન તાલુકા કક્ષાના એકમો દ્વારા કરવામાં આવતા રોકાણથી જિલ્લા કક્ષાએ કોઈજ પ્રગતિ થવા પામી નથી.

## સંદર્ભસૂચી


[1] Aruna N(2015): "Problems faced by micro, Small and Medium Enterprises- A Special Reference to Small Entrepreneurs in Visakhapatnam", IOSR Journal of Business and Management (IORS-JBM) Vol. 17, No. 4, pp. 43-49

[2] Anjum B., Ramsing and Verma (2012): "Small Scale Industry: An Engine Of Growth,(time Period: 1990 -9 1 to 2007 - 08)", Zenith International Journal of Business Economics & Management Research, Vol: 2, Issue 5, May -2012, pp : 210 - 221

[3] Bhati S. S.(2002): "The Role of Small-Scale Industries In An Emerging Economy", Research Online,July 2002 (pp. 1-18)

[4] Bansal S(2014): "Small Scale Sector and Its Role in The economic Development",International Research Journal of Commerce and Law(IRJCL) Volume-1, Issue-3 pp.12-23

[5] BalaSubrahmanya. , BalachandraP.andMathirajan (2002): "Research and Development in Small Industry in Karnataka", *Economic and Political Weekly*, Vol. 37, No. 39, pp. 4010-4017

[6] Bhide(2000): " Development of Small- Scale Industries", Economic Political Weekly, vol. 35,No.50, pp.4389-90)

[7] Camuffo, Arnaldo and Pozzana, Roberto and Vinelli (2008): " Andrea and Benedetti, Laura, Not Doomed to Death: A Map of Small Firms' Business Models in the Italian Textile Apparel Industry",ndustry Studies Conference Paper, SSRN.

[8] Doner, Richard and Noble, Gregory W. and Ravenhill, John (2006): "Industrial Competitiveness of the Auto Parts Industries in Four Large Asian Countries: The Role of Government Policy in a Challenging International Environment",. World Bank Policy Research Working Paper No. 4106. SSRN:

[9] Nuruddin S.H.M. (1990): " Small and Medium Industries in Asian Developing Countries", Asian Development Review-1990

[10] Katyal and Singh(2013): "A Comparative Study of Gujarat, Punjab and Himachal Pradesh in Reference to Selected Industries", Global Journal of Management and Business Research, Volume XIII, Issue I Version I, Year 2013, ISSN: 2249-4588 & Print ISSN: 0975-5853 Pp. 115-121


© RRIJM 2015, All Rights Reserved 